# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)


સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૭/૧૭૦૧ તા.૦૬/૧૦/૨૦૧૭

**પરિપત્ર : ૩૬૩**

વિષય : મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને માહિતગાર કરવા બાબત.
સંદર્ભ : કેસીજીનો તા.૦૫-૧૦-૨૦૧૭ નો પત્ર નં.કેસીજી/MYSY/૨૦૧૭-૧૮/૭૩૩-૬૩૯

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના ના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬થી રાજ્યમાં "મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબન યોજના" અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અન્વયે ધોરણ-૧૦ અથવા ધોરણ–૧૨ વિજ્ઞાન/સામાન્ય પ્રવાહની પરીક્ષા પાસ કરનાર તેમજ શિક્ષણ વિભાગના તા. ૦૭-૧૦-૨૦૧૫ના ઠરાવમાં જણાવ્યા મુજબની પાત્રતા ધરાવતા શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં ડીપ્લોમાં/સ્નાતક અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ અથવા ડિપ્લોમાની પરીક્ષા પાસ કરી ડીગ્રી અભ્યાસક્રમના (ડી ટુ ડી) પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ આ યોજના હેઠળ માટેની અરજી પ્રકિયા શરૂ થઈ ગયેલ છે આ ઉપરાંત "મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબન યોજના" અન્વયે વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭માં સહાય માટે વિદ્યાર્થીઓએ સંદર્ભમાં દર્શિત પત્રની વિગત અનુસાર આ સહાય મેળવવા માટે સંબંધિત વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી http://mysy.guj.nic.in કરવાની રહે છે. આ સાથે "મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબન યોજના" શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે ઓનલાઈન અરજી કરવા બાબતની જાહેરાત અને વિદ્યાર્થીઓ દ્વારા જમા કરવવાના થતા દસ્તાવેજોની યાદી સામેલ છે. આમ આપની કોલેજ/માન્ય પી.જી.કેન્દ્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ યોજનાની જાણકારી પ્રાપ્ત થાય તે માટે આ અંગેની જાહેરાત અને દસ્તાવેજોની યાદી આપની કોલેજના નોટીશ બોર્ડ તથા વેબ - સાઈટ પર પ્રસિધ્ધ થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા.

## Knowledge Consortium of Gujarat (KCG)

**Opp: PRL, Between LDCE and Girl's Polytechnic, Ahmedabad**

### મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

**શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માં નવી તથા રીન્યુઅલ સહાય માટેની ઓનલાઈન અરજીઓ બાબત**

ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડની શાળાઓમાંથી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ/સામાન્ય પ્રવાહની અથવા ધોરણ-
૧૦ ની પરીક્ષા પાસ કરી સ્નાતક અથવા ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને
ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય કરવા 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના' સરકારશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના વિવિધ ઠરાવ મુજબની નિયત પાત્રતા ધરાવતા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા પાસ
કરી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં ડીપ્લોમા/સ્નાતક અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ અથવા
ડીપ્લોમાની પરીક્ષા પાસ કરી ડીગ્રી અભ્યાસક્રમના (ડી ટુ ડી) પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ તથા વર્ષ
૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭ માં સહાય મેળવનાર વિદ્યાર્થીઓએ પણ બીજા/ત્રીજા વર્ષની રીન્યુઅલ સહાય માટે આ
યોજના હેઠળ લાભ મેળવવા http://mysy.guj.nic.in પર ઓનલાઈન અરજી નીચે જણાવેલ સમયગાળો મુજબ કરવાની રહેશે.

| અભ્યાસક્રમ | અરજી કરવાનો સમયગાળો |
|---|---|
| બીએ/બીકોમ/બીએસસી/બીબીએ/બીસીએ/રૂરલ સ્ટડીઝ/સોશિયલ વર્કસ જેવા ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ | તા.૦૧/૦૯/૨૦૧૭થી તા.૩૦/૧૦/૨૦૧૭ |
| ઈજનેરી/ફાર્મસી/આર્કીટેક્ચર/ડીઝાઈન/પ્લાનીંગ/ હોટેલ મેનેજમેન્ટ જેવા ટેક્નીકલ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ | તા.૧૫/૦૯/૨૦૧૭થી તા.૧૪/૧૧/૨૦૧૭ |
| મેડીકલ/ડેન્ટલ/આયુર્વેદિક/હોમિયોપેથીક/નર્સીંગ/ પેરામેડીકલ/વેટરનરી/એગ્રીકલ્ચર/ફિશરીઝ જેવા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ | તા.૦૧/૧૦/૨૦૧૭થી તા.૩૦/૧૧/૨૦૧૭ |

આ યોજનાના અમલ માટે રાજ્યભરમાં ૧૫૦ હેલ્પ સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ માટેની જરૂરી
સુચના તથા યોજના સંબંધિત તમામ વિગતો ઉપર જણાવેલ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. આ યોજના અંગેની વધુ માહિતિ
હેલ્પ લાઈન નં: ૦૭૯- ૨૬૫૬૬૦૦૦ ૭૦૪૩૩૩૩૧૮૧ (૧૦:૩૦ થી ૧૮:૦૦) પરથી મળી શકશે.

સીઈઓ,કેસીજી

ક્રમાંક/સંમાનિ/અમદ/૯૫૮/૨૦૧૭-૧૮

## List of Documents for

## New Applications 2017-18

- આધારકાર્ડની નકલ (સ્વપ્રમાણિત)
- ધોરણ-૧૦/ધોરણ-૧૨/ડિપ્લોમા પાસ કર્યાની માર્કશીટની નકલ (સ્વપ્રમાણિત)
- ડીગ્રી/ડિપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યાના પ્રવેશ સમિતિના લેટરની નકલ (સ્વપ્રમાણિત)
- ટ્યુશન ફી ભર્યાની તમામ પહોંચની નકલ (સ્વપ્રમાણિત)
- સેલ્ફ ડિકલેરેશન (અસલમાં)
- સંસ્થાના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર (સંસ્થાના લેટરહેડ પર,અસલમાં )
- વાલીની આવકનું પ્રમાણપત્ર (મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારીનું)ની નકલ (સ્વપ્રમાણિત)
- હોસ્ટેલ પ્રવેશ તથા જમવાની તમામ પહોંચની નકલ (સ્વપ્રમાણિત)
- નેશનલાઈઝડબેંકમાં બચત ખાતાની પાસબુકનું પ્રથમ પાનાની નકલ (સ્વપ્રમાણિત)
- ITR/Self-declaration

# List of Documents for

# First/Second Renewal Applications

- વિદ્યાર્થીના આધારકાર્ડ નકલ (સ્વપ્રમાણીત)
- સંસ્થાના વાડા પાસેથી શિષ્યવૃત્તિ રીન્યુઅલ માટેનું પ્રમાણપત્ર (અસલમાં)
- વિદ્યાર્થીના પ્રથમ/બીજા વર્ષની માર્કશીટની (સેમેસ્ટર સીસ્ટમ હોય તો બંને સેમેસ્ટરની માર્કશીટ) નકલ (સ્વપ્રમાણીત)
- વિદ્યાર્થીએ સ્નાતક અભ્યાસક્રમના બીજા/ત્રીજા વર્ષમાં ફી ભર્યાની તમામ પહોંચની નકલ(સ્વપ્રમાણીત)
- હોસ્ટેલ પ્રવેશ તથા જમવાની તમામ પહોંચની નકલ (સ્વપ્રમાણીત),
- વિદ્યાર્થીના બેન્કના બચત ખાતાની પાસબુકનું પ્રથમ પાનાની નકલ(સ્વપ્રમાણીત)
- ITR/Sell declaration (2016-17)